## રાજકોટ  શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગત નીચે મુજબ છે.

## સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ માહે ૧૦/૨૦૨૦ ની સારી કામગીરી

| ક્રમ | વિગત | સંખ્યા | કિંમત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | Mobile Recover | 129 | 18,31,306/- | કુલ મોબાઇલ કિંમત રૂ.૧૮,૩૧,૩૦૬/- ના મોબાઇલ રીકવર કરી પરત અરજદારોને સોપ્યા |
| ૨ | Social App. | 54 | - | ચાલુ માસે સોસીયલ મીડીયાની અરજી અન્વયે ફેસબુક તેમજ અન્ય સોર્સ મારફતે માહિતી મેળવી અરજીનો રીપોર્ટ કરેલ છે. |
| 3 | Financial Fraud | 08 | - | કુલ-૧૯ અરજી જેમાં રૂ.,૮,૦૮,૨૮૪/- પેમેન્ટ ગેટ-વે મારફતે પરત ભોગ બનનાર ના એકાઉન્ટમાં જમા કરાવેલ. |

# <u>પ્રેસનોટ</u>

## કાઇમ બ્રાન્ચ, રાજકોટ શહેર

**રાજકોટ શહેર વાત્સલ્ય હોટલમા અગાઉ આઇ.પી.એલ ક્રિકેટ મેચ પર પર ક્રિકેટનો સટ્ટો રમતા ઇસમોને પકડી કાયદેસરની કાર્યવાહી કરેલ હોય જે કેસમા વધુ એક આરોપીની ધરપકડ કરતી રાજકોટ શહેર કાઇમ બ્રાન્ચ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ,તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન–૧શ્રી પ્રવિણકુમાર મીણા તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન–૨ શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ,તથા મદદનીશ પોલીસ કમિશ્નર કાઇમ શ્રી ડી.વી.બસીયા સા. નાઓની સુચનાથી મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા અને તેમજ પ્રોહી.તથા જુગારના કેસો શોધી કાઢવા અંગે અસરકારક કામગીરી કરવા સુચના આપેલ જે અનુસંધાને અમો <u>પો.ઇન્સ.વી.કે.ગઢવી</u> ના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી.પો.સ્ટેશન ના <u>પોલીસ સબ.ઇન્સ.- વી.જે.જાડેજા</u> તથા એ.એસ.આઇ. જયેશભાઇ નિમાવત, રાજદીપસિંહ ગોહિલ તથા પો.હેડ.કોન્સ. ચેતનસિંહ ચુડાસમાં તથા હિતેન્દ્રસિંહ ઝાલા તથા મહેન્દ્રસિંહ જાડેજા તથા ભરતસિંહ પરમાર વિગેરે નાઓએ અગાઉ રાજકોટ શહેર વાત્સલ્ય હોટલમાથી બે આઇ.પી.એલ ક્રિકેટ મેચ પર ક્રિકેટનો સટ્ટો રમતા ગઇ તા.૨૩/૦૯/૨૦૨૦ ના રોજ પકડી કાયદેસરની કાર્યવાહી કરેલ હોય અને જે કેસની તપાસ દરમ્યાન ઉપર ક્રિકેટનો સટ્ટો રમાડવા આઇ આપેલ વધુ એક આરોપીને આજરોજ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

| ગુ.ર.નંબર | આરોપીનુ નામ તથા સરનામુ |
|---|---|
| ડી.સી.બી.પોલીસ સ્ટેશનના પ્રોહી. ગુ.ર.નં.૧૧૨૦-૮૦૫૫-૨૦-૦૧૯૪/૨૦૨૦ જુધા કલમ-૪, ૫ મુજબ | હિરેનભાઇ અનકભાઇ ગીડા જાતે.કાઠી દરબાર ઉ.વ.૨૮ ધંધો.બંગડીનુ કારખાનુ રહે.યુનીવર્સીટી રોડ બોમ્બે હાઉસીંગ સોસાયટી શેરી નં.૧ "સુર્યવંદના" રાજકોટ |

**<u>કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઃ-</u>**

પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.કે.ગઢવી તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી વી.જે.જાડેજા, તથા એ.એસ.આઇ. જયેશભાઇ નિમાવત તથા રાજદિપસિંહ ગોહિલ તથા પો.હેડ કોન્સ. ચેતનસિંહ ચુડાસમા તથા હિતેન્દ્રસિંહ ઝાલા તથા મહેન્દ્રસિંહ જાડેજા તથા ભરતસિંહ પરમાર નાઓ દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા.૨૪/૧૦/૨૦૨૦

( વી.કે.ગઢવી )
પોલીસ ઇન્સ્પેકટર
ડી.સી.બી.પો.સ્ટેશન
રાજકોટ શહેર

PRESS NOTE

# રાજકોટ શહેર - ક્રાઇમ બ્રાન્ચ

## ચોરાવ હીરો સ્પ્લેન્ડર મો.સા.સાથે એક ઇસમને આસ્થા ચોકડી પાસે આવેલ માધવ પાર્ક-૨ માં શેરી નં.-૩ ક્રિષ્ના ગેસ સેલ્સ એન્ડ સર્વિસની દુકાન પાસેથી કિ.રૂ.૪૦,૦૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુંકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રવિણકુમાર મીણા સાહેબ ઝોન-૧ તથા શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી પી.બી. બસીયા સા.

નાઓએ મીલકત સંબંધી અનડીટેક ગુન્હાઓ શોધી કાઢવા તથા ગુન્હા બનતા અટકાવવા તેમજ શહેર વિસતારમાં વાહન ચોરી અટકાવવા સુચના કરેલ હોય જે તેઓ સાહેબની સુચના તથા અમો પો.ઇન્સ. વી.કે.ગઢવી ના સીધા માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૨૫/૧૦/૨૦૨૦ ના ડી.સી.બી.પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રી વી.જે.જાડેજા તથાએ.એસ.આઇ.જયેશભાઇ નિમાવત તથા રાજદિપસિંહ ગોહિલ તથા પો.હે કોન્સ.ચેતનસિંહ ચુડાસમાં તથા મહેન્દ્રસિહ જાડેજા તથા હિતેન્દ્રસિંહ ઝાલા તથા ભરતસિંહ પરમાર નાઓ પેટ્રોલીંગમા હતા જે દરમ્યાન એ.એસ.આઇ.જયેશભાઇ નિમાવત તથા પો.હેડ કોન્સ.ચેતનસિંહ ચુડાસમાં નાઓની સયુંકત હકિકત આધારે રાજકોટ શહેર, આસ્થા ચોકડી થી અંદર આવેલ માધવ પાર્ક-૨ માં શેરી નં.-૩ ક્રિષ્ના ગેસ સેલ્સ એન્ડ સર્વિસ ની દુકાન પાસેથી કિ.રૂ.૪૦,૦૦૦/- ના મુદામાલ સાથે નીચે મુજબના ઇસમને પકડી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે. .

## આરોપી –

*મહેશભાઇ સવજીભાઇ સરધારા જાતે-પટેલ ઉવ.૪૩ ધંધો-મજુરી રહે. સ્વાતી પાર્ક, સત્યમ કોમ્પલેક્ષ-૨, ફ્લેટ નં.-૧૦૨ પહેલા માળે, કોઠારીયા રોડ, રાજકોટ મુળ રહે.-ગઢાળીયાજામ તા.જસદણ જી.રાજકોટ*

વાળા પાસેથી હીરો સ્પ્લેન્ડર કાળા કલરનું મોટરસાયકલ જેના નંબર વગરનું જેના ચેસીસ નંબર- MBLHAW086K5H08125 તથા એન્જીન નંબર જોતા- HA10AGK5H12574 ના જોવામા જેની કિ.રૂ.૪૦,૦૦૦/- ગણી સી.આર.પી.સી.કલમ- ૧૦૨ મુજબ કબજે કરવામા આવેલ તેમજ મજકુર ઇસમને સી.આર.પી.સી. કલમ- ૪૧(૧)ડી મુજબ અટક કરવામા આવેલ છે.

આરોપીએ કરેલ ગુન્હાની કબુલાત.

મજકુર ઇસમ પાસેથી કબજે કરેલ હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ જે મજકુરે આજથી દશ બાર દિવસ પહેલા તેને સ્વાતી પાર્ક, સત્યમ, કોમ્પલેક્ષ-૨, પાસેથી ચોરીથી કે છળકપટથી મેળવેલ હોવાની કબુલાત આપેલ છે

**કામગીરી કરનાર અધિકાર /કર્મચારીઓ:-**

**પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.કે.ગઢવી, તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી વી.જે.જાડેજા, તથા એ.એસ.આઇ. જયેશભાઇ પી. નિમાવત, રાજદિપસિંહ ડી.ગોહિલ તથા પો.હેડ કોન્સ.ચેતનસિંહ વી. ચુડાસમાં તથા હિતેન્દ્રસિંહ પી.ઝાલા, મહેન્દ્રસિંહ વી.જાડેજા તથા ભરતસિંહ પરમાર નાઓ ધ્વારા કામગીરી કરવામા આવેલ છે.**

તા.૨૫/૧૦/૨૦૨૦

( વી. કે. ગઢવી )
પોલીસ ઇન્સ્પેકટર,
ડી.સી.બી. પો.સ્ટે.
રાજકોટ શહેર.

# રાજકોટ સીટી ક્રાઇમ બ્રાન્ચ

## ઇંગ્લીશ દારૂ ના જથ્થા સાથે એક ઇસમને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુંકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ એહમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ પ્રવીણકુમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ મનોહરસિંહ જાડેજા સાહેબ તથા મદદનીશ પોલીસ શ્રી ક્રાઇમ ડી.વી.બસીયા સાહેબ તરફ થી રાજકોટ શહેર વિસ્તારમાંથી પ્રોહી./જુગાર ની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા અને અસરકારક કામગીરી કરવા અમો પો.ઇન્સ. વી.કે.ગઢવી ને સુચના આપતા અમારા માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પો.સ્ટે. પો.સબ.ઇન્સ. પી.બી.જેબલીયા તથા તેમની ટીમ ના પોલીસ સ્ટાફ ના માણસો પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન પો.હેડ.કોન્સ. વિક્રમભાઇ ગમારા તથા પો.કોન્સ દેવાભાઇ ધરજીયા તથા ક્રીપાલસિંહ જાડેજા ને મળેલ સંયુકત બાતમી આધારે ગાર્ડન રેસ્ટોરંન્ટ ની બાજુ માં લોખંડ ના પુલ પાસે માસુમ વિધ્યાલય ની સામે ને.હા.નં-૮ રાજકોટ ખાતે રોડ ઉપર રીક્ષા માં લઇ જવાતા ઇંગ્લીશ દારૂ ના જથ્થા સાથે આરોપી નં (૧) ને પકડી પાડવામાં આવેલ છે. આરોપી નં (૨) નુ નામ ખુલવા પામેલ છે. જે મતલબે કાયદેસર ની કાર્યવાહી કરવા માં આવેલ છે.

**આરોપીના નામ સરનામા**

(૧) મેહુલ ઉર્ફે ખલી ચંદુભાઇ રાવળ જાતે રાવળદેવ ઉવ ૨૮ ધંધો મજુરી રહે પિત્રુ વાટીકા સોસાયટી શેરી નં ૦૪ ભડીયા ની બાજુ માં માંડા ડુંગર ભાવનગર રોડ રાજકોટ (કોરોના ટેસ્ટ રીપોર્ટ આવ્યે થી અટક કરવા નો બાકી)

(૨) મહેશ હરીભાઇ મુછડીયા રહે ભીમરાવનગર શેરી નં ૦૧ દેરાસર ની બાજુ માં માડાં ડુંગર ભાવનગર રોડ રાજકોટ (અટક કરવાનો બાકી)

**મળી આવેલ મુદામાલ**

(૧) મેકડોવેલ્સ નં-૧ વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ. ની બોટલ નંગ-૫૯ કિ.રૂ.૨૩૬૦૦/-

(૨) ઓટો રીક્ષા GJ-03-AU-4055 કિ.રૂ.૪૦,૦૦૦/-

(૩) મો.ફોન નંગ ૦૧ કિ.રૂ.૪૦૦૦/- મળી કુલ કિ.રૂ.૬૭૬૦૦/- નો મુદામાલ

**દાખલ કરવા માં આવેલ ગુન્હો :**

રાજકોટ શહેર ડી.સી.બી.પો.સ્ટે ગુ.ર.ન ૧૧૨૦૮૦૫૫૨૦૦૨૪૩/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ),૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબ

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ**

પોલીસ ઇન્સ્પેકટર વી.કે.ગઢવી પો.સબ.ઇન્સ. પી.બી.જેબલીયા, પો.હેડ.કોન્સ વિક્રમભાઇ ગમારા, અંશુમાનભા ગઢવી તથા પો.કોન્સ પ્રતાપસિંહ મોયા, ક્રીપાલસિંહ જાડેજા, દેવાભાઇ ધરજીયા, જીગ્નેશભાઇ મારૂ

તા.૩૦/૧૦/૨૦૨૦

(વી.કે.ગઢવી)<br>
પોલીસ ઇન્સ્પેકટર<br>
ડી.સી.બી. પોલીસ સ્ટેશન<br>
રાજકોટ શહેર